# અધ્યક્ષપદે શંકરભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષપદે જેઠાભાઈ ભરવાડ

## ૧૫મી ગુજરાત વિધાનસભામાં નવા મંત્રીઓએ ચાર્જ લીધો : ચૂંટાયેલા તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં હાજર રહેશે, વિધાનસભામાં તેમની શપથવિધીનું આયોજન કરાશે

ગાંધીનગર, તા.૧૫

૧૫મી ગુજરાત વિધાનસભામાં નવા મંત્રીઓએ ચાર્જ લઈ લીધો અને તેમની કામગીરી શરુ કરી દીધી છે. એવામાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને લઈ મોટા સમાચાર સામે આવી રહ્યા છે, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકરસિંહ ચૌધરી અને ઉપાધ્યક્ષ તરીકે જેઠાભાઈ ભરવાડની વરણી કરાઈ છે. શંકરસિંહ ચૌધરી છે તે થરાદ વિધાન સભા બેઠક પરથી ચૂંટાયા છે અને જેઠાભાઈ ભરવાડ છે તે પંચમહાલ વિધાનસભા બેઠક પરથી ચૂંટાયા છે.

૧૯ અને ૨૦ ડિસેમ્બરે ચૂંટાયેલા તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં હાજર રહેશે.





વિધાનસભામાં તેમની શપથ વિધીનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ ધારાસભ્યોને શપથ અપાવશે. રમણલાલ વોરા અને ગણપત વસાવા અગાઉ પણ વિધાનસભાન અધ્યક્ષ રહી ચૂક્યાં છે. ત્યારે નવા અધ્યક્ષ તરીકે કોણ ચાર્જ સંભાળશે એવી ચર્ચાઓ રાજકીય પક્ષોમાં થઈ રહી છે. ગુજરાતના ૧૮માં મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે ચાર્જ સાંભળી લીધો છે. ભૂપેન્દ્ર પટેલ અને કેબીનેટ તેમજ રાજ્યકક્ષાના મંત્રીઓએ ગાંધીનગર ખાતે શપથ લીધા હતા. ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલ સતત બીજી વખત સીએમ બન્યા છે. શપથ બાદ પ્રથમ કેબિનેટની બેઠક મળી હતી અને મંત્રીઓને તેમના ખાતાની ફાળવણી કરાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ણિમ સંકુલમાં મંત્રીઓને પણ મળ્યા હતાં. મુખ્યમંત્રી ઉપરાંત મંત્રીમંડળમાં સામેલ અન્ય મંત્રીઓ પણ પોતાનો ચાર્જ લઈ લીધો હતો. ગુજરાતમાં મંત્રીગણની શપથવિધી બાદ પ્રથમ કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. હવે ધારાસભ્યોના શપથગ્રહણ અને વિધાનસભાના નવા અધ્યક્ષની ચૂંટણી થવાની છે. આ માટે વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલને નવા પ્રોટેમ સ્પીકર બનાવવામાં આવ્યાં છે. પ્રોટેમ સ્પીકર તરીકે યોગેશ પટેલને સત્તાવાર જાણ કરવામાં આવી છે. હવે યોગેશ પટેલ તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યોને શપથ લેવડાવશે. સાથે જ કાયમી સ્પીકરની ચૂંટણી પ્રક્રિયા પણ હાથ ધરશે.

# ઈ-ગુજકોપ અંતર્ગત સીસીટીવી નેટવર્ક વધુ સઘન બનાવાશે

## વિશેષ બેઠક યોજતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી : વિશ્વાસ પ્રોજેક્ટ્‌ના ફેઝ-૨માં ૯ હજાર જેટલા સી.સી.ટી.વી.ના નેટવર્ક દ્વારા ગુજરાતને મળશે અભેદ્ય સુરક્ષા કવચ



ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ફાઈવ-જી યુગમાં પ્રવેશી ચૂક્યું છે, ત્યારે ગૃહ વિભાગ પોલીસને પણ સ્માર્ટ પોલીસીંગ તરફ અગ્રેસર કરી રહ્યું છે. સીસીટીવી અને આર્ટિફિસિયલ ઈન્ટેલીજન્સના ઉપયોગ દ્વારા ગુનાનો ઝડપી ઉકેલ લાવવા તેમજ જનતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા ગૃહ મંત્રીશ્રીની અધ્યક્ષાતામાં આજે મહત્વની બેઠક યોજવામાં આવી હતી. વિશ્વાસ પ્રોજેક્ટના બીજા ફેઝમાં સમગ્ર રાજ્યમાં ૯(નવ) હજાર જેટલા સીસીટીવી કેમેરાનું નેટવર્ક ઊભું કરવા અંગે આ બેઠકમાં ચર્ચા કરાઈ હતી. વિશ્વાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ૮(આઠ) હજાર જેટલા કેમેરાનું નેટવર્ક રાજ્યભરમાં સ્થાપી ગુના નિવારણ ઝડપી બનાવાયું હતું. નેટવર્કની સાથોસાથ સોફ્ટ્‌વેર અને આર્ટિફિસિયલ ઈન્ટેલીજન્સ દ્વારા સમગ્ર રાજ્યને સુરક્ષિત કરવાની દિશામાં આ બેઠક મહત્વની પુરવાર થશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને તત્કાલિન ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ દ્વારા ઈ-ગુજકોપના માધ્યમથી સ્માર્ટ પોલીસીંગની શરૂઆત કરાઈ હતી. હાલમાં વિશ્વાસ પ્રોજેકટના ફેઝ-૨ની શરૂઆત પહેલા સીસીટીવી અને સોફ્ટવેર ખરીદી અંગે, તેના ટેન્ડર અને મેઈટેનન્સ કોન્ટ્રાકટ વગેરેની પારદર્શકતા સંદર્ભે શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજ રોજ આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા પણ રાજ્યની તમામ વડી કચેરીઓ અને ખાસ કરીને વધુમાં વધુ પોલીસ સ્ટેશનોને સીસીટીવી નેટવર્ક અને સોફ્ટવેરથી જોડવા માટે સુચન આપવામાં આવ્યું હતું જેને અમલમાં મુકવા ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી એ પોલીસના ઉચ્ચ અધિકારીઓને સુચના પાઠવી છે.

અદ્યતન નેટવર્ક સાથે અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ પોલીસ વિભાગને મળી રહે તે સંદર્ભે પણ ચર્ચા કરાઈ હતી.

# મહેસાણામાં વ્યાજખોરોના ત્રાસથી આધેડનો આપઘાત

મહેસાણા, તા.૧૫

ગુજરાતમાં વ્યાજખોરોના ત્રાસથી અનેક લોકોના આપઘાતના બનાવો સામે આવી રહ્યાં છે. ત્યારે મહેસાણામાં વ્યાજખોરોના ત્રાસથી એક આધેડે તળાવમાં કૂદીને આપઘાત કર્યો હતો. તળાવમાં કૂદતાં પહેલાં આધેડે એક ચીઠ્ઠી લખી હતી. તળાવમાંથી આધેડનો મૃતદેહ મળતાં તેને મહેસાણાની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં પોલીસે પ્રાથમિક રીતે આપઘાતને બદલે આકસ્મિક મોત થયું હોવાનું લખતાં જ ત્યાં ભેગી થયેલી ભીડ ઉશ્કેરાઈ હતી. લોકોએ જ્યાં સુધી ગુનેગારો સામે સાચી ફરિયાદ નહીં નોંધાય ત્યાં સુધી મૃતકનો દેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે મહેસાણાના ખેરવા ગામમાં રહેતા મુકેશભાઈ ગણપત યુનિવર્સિટીમાં પ્યૂન તરીક ફરજ અદા કરતા હતાં.



મોટી આદરજ ખાતે ગામના પડતર પ્રશ્નો અંગે તેમજ વિકાસ માટે ગાંધીનગર(ઉ) ધારાસભ્ય રીટાબેન પટેલની અધ્યક્ષતામાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, ગ્રામ પંચાયતના સરપંચ, ડેપ્યુટી સરપંચ, પંચાયતના સદસ્યશ્રીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સહિત આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેફિન ટેકનોલોજીસ લિમિટેડ-આઈપીઓ ૧૯મીએ ખુલશે

કેફિન ટેકનોલોજીસ લિમિટેડ (“કેફિનટેક” અથવા “કંપની”)નો ઈક્વિટી શેરના વેચાણ માટે આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) ૧૯ ડિસેમ્બર, ૨૦૨૨ને સોમવારે ખુલશે. આઈપીઓમાં દરેક ઈક્વિટી શેર (ઈક્વિટી શેર્સ”)ની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે. ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર (“ઓફર ફોર સેલ”) જનરલ એટલાન્ટિક સિંગાપોર ફંડ પ્રાઈવેટ લિમિટેડ (“પ્રમોટર વિક્રેતા શેરધાક”) દ્વારા કુલ રૂ. ૧૫,૦૦૦ મિલિયનની છે. આઈપીઓ ૨૧ ડિસેમ્બર, ૨૦૨૨ને બુધવારે બંધ થશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વટી શેરદીઠ રૂ. ૩૪૭ થી રૂ. ૩૮૮ નક્કી થઈ છે. બિડ લઘુત્તમ ૪૦ ઈક્વિટી શેર માટે અને પછી ૪૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

આ ઓફર સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી) સુધારા સાથે (“SCRR”)ની સરતો મુજબ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝ રિકવાયરમેન્ટ્સ) નિયમન, ૨૦૧૮ (“SEBI ICDR”)ના નિયમન ૩૧ સાથે વાંચીને રજૂ કરવામાં આવી છે. આ ઓફર SEBI ICDR નિયમનોના નિયમન ૭(૨) સાથે સુસંગત બુક બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે રજૂ કરવામાં આવી છે અને SEBI ICDR નિયમનોના નિયમન ૬ (૨) સાથે સુસંગત છે, જે અંતર્ગત ઓફરનો ઓછામાં ઓછો ૭૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (“QIBS”) (“QIB પોર્શન”) ને ફાળવવામાં આવશે, જેમાં શરત એ છે કે, અમારી કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારક બુક રનિંગ લીડ મેનેજર્સ (BRLMS) સાથે ચર્ચા કરીને વિવેકાધિન ધોરણે એન્કર રોકાણકારોને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા હિસ્સો ફાળવી શકે છે, જેમાંથી SEBI ICDR નિયમનો મુજબ, એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડો માટે અનામત રાખવામાં આવશે. જે સ્થાનિક મ્યુઅલ ફંડો પાસેથી એન્કર રોકાણકાર ફાળવણીની કિંમત પર કે ઓથી વધારે કિંમત પર માન્ય બિડ મેળવાને આધિન છે.

# ગુજરાતની આમ આદમી પાર્ટીમાં ધરખમ ફેરફારની તૈયારીમાં

## અલ્પેશ કથીરિયાને પ્રદેશ પ્રમુખ બનાવાશે અને ગોપાલ ઈટાલિયાને રાષ્ટ્રીય સ્તરે મોટું કામ સોંપાવાની શક્યતા

અમદાવાદ, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ ૨૫૬ બેઠકો મેળવી ઐતિહાસિક જીત મેળવી છે. જોકે, આ વખતે પહેલી વખત ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવનારી આમ આદમી પાર્ટીએ ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો અને ભાજપને ટક્કર આપવા પ્રયાસ કર્યો હતો. જોકે, આમ આદમી પાર્ટીને માત્ર ૫ જ બેઠકો મળી શકી છે. ત્યારે હવે જાણવા મળી રહ્યું છે કે, આમ આદમી પાર્ટી તેના ગુજરાતના સંગઠનમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. જણાવાઈ રહ્યું છે કે, અલ્પેશ કથીરિયાને પ્રદેશ પ્રમુખનું પદ સોંપવામાં આવી શકે છે અને ગોપાલ ઈટાલિયાને રાષ્ટ્રીય સ્તરે મોટી જવાબદારી સોંપવામાં આવી શકે છે. ગુજરાતની ચૂંટણીમાં આપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર ઈસુદાન ગઢવી, પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા સહિતના ધૂરંધરોને હારનો સામનો કરવો પડ્યો છે. તો, જે સૌથી વધુ મજબૂત જણાતા હતા તે અલ્પેશ કથીરિયા પણ સુરતની વરાછા બેઠક પરથી હારી ગયા. આમ આદમી પાર્ટીના ઉમેદવારોની સભામાં લોકો તો મોટી સંખ્યામાં એકઠા થતા હતા, પરંતુ તેને વોટ પરિવર્તિત ન થયા. જેના કારણે આપને માત્ર પાંચ બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો છે. જોકે, આપના કારણે ગુજરાતમાં કોંગ્રેસને ઘણો ફટકો પડ્યો છે અને લગભગ ૩૫ બેઠકો પર તેના કારણે પરિણામો બદલાઈ ગયા. ગુજરાતમાં પાંચ બેઠકો જીત્યા બાદ હવે આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય સ્તરની પાર્ટી બની ગઈ છે. ત્યારે હવે આપના ગુજરાતના સંગઠનમાં ધરખમ ફેરફારો થશે તેવું કહેવાઈ રહ્યું છે. ગુજરાતમાં આપ હવે કોંગ્રેસનો વિકલ્પ બનવા તરફ આગળ વધી રહી છે, ત્યારે અલ્પેશ કથીરિયાને પક્ષના નવા પ્રદેશ પ્રમુખ બનાવાશે અને હાલના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાને રાષ્ટ્રીય સ્તરે મોટી જવાબદારી સોંપવામાં આવશે તેવી અટકળો છે.

હાલમાં આપના પાંચ ધારાસભ્યો અને મોટા આગેવાનો દિલ્હી પહોંચ્યા છે અને ત્યાં આપના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે બેઠક થયા પછી એવા સંકેત મળી રહ્યા છે કે, આપના ગુજરાતના સંગઠનમાં ફેરફાર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા પણ આમ આદમી પાર્ટીએ તેનું ગુજરાતનું માળખું વિખેરી નાખ્યું હતું. એકમાત્ર પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા જ પદ પર ચાલુ રખયા હતા અને બાકીનું આખું માળખું વિખેરી નાખ્યું હતું.

# જાફરાબાદ બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવાયું

## ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી વાતાવરણમાં પલટો : વાદળછાયા વાતાવરણને લીધે ડબલ ઋતુનો અહેસાસ

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ત્રણેક દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. ગઈકાલે રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો હળવો વરસાદ થયો હતો. વરસાદને કારણે ખેડૂતોમાં પાક બગડી જવાની ભિતી સેવાઈ રહી છે. જેના કારણે ખેડૂતો ચિંતામાં છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૧૭ ડિસેમ્બર સુધી વાતાવરણ વાદળછાયુ રહેશે. તે ઉપરાંત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં માવઠું થવાની સંભાવનાઓ છે. હાલમાં રાજ્યમાં વાદળછાયા વાતાવરણને લીધે ડબલ ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે.

સૌરાષ્ટ્રમાં તલાલા અને ગીર વિસ્તારમાં ગઈકાલે વાતાવરણ પલટાયું હતું અને હળવો વરસાદ થયો હતો. આ વરસાદને કારણે શિયાળુ પાક અને ખાસ કરીને ગીરની કેસર કેરીના પાકને નુકસાન થવાની ભિતી સેવાઈ રહી છે. ખેડૂતોમાં માવઠાને લઈને ચિંતા પ્રસરી ગઈ છે. બીજી તરફ અરબી સમદ્રમાં ડિપ્રેશનને કારણે વેરાવળ અને જાફરાબાદ બંદર પર ૧ નંબરનું સિગ્નલ લગાવાયું છે. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી દેવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આજથી મહિસાગર, અરવલ્લી, તાપી, ડાંગ, સુરત, નર્મદા, નવસારી, વલસાડ અને દમણમાં હળવો વરસાદ થઈ શકે છે. જ્યારે રાજકોટ, અમરેલી, જૂનાગઢમાં વાતાવરણ સુકુ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળશે. જ્યારે ૧૬મી ડિસેમ્બરે વાતાવરણમાં સમગ્ર ગુજરાતમાં પલટો જોવા મળી શકે છે.આજે અમદાવાદના પાલડી, વાસણા, સેટેલાઈટ વિસ્તારમાં માવઠાની અસર જોવા મળી છે. હાલમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વના પવનો ફૂંકાતા વાતાવરણ પર અસર થઈ રહી છે. બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે પણ રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે.

### રોડ બંધ કરાતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારે વાહનોની અવરજવર વધતા હવે તો ચ-૩ થી જ રસ્તો બ્લોક કરી દેવાયો છે.

ભારે વાહનોને ઘ-રોડ અને જ-રોડ પર ડાયવર્ઝન આપી દેવાયુ છે. વાહનોની અવરજવરને આ રોડ પર પ્રતિબંધિત કરાતા સ્વાભાવિક રીતે જ ઘ-રોડ અને જ-રોડ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. આ બંને રોડ પર ઓફિસ ટાઈમે ખૂબ હેવી ટ્રાફિક હોય છે. નવા ગાંધીનગરથી અને અમદાવાદથી આવતા કર્મચારીઓને ભારે ટ્રાફિકનો સામનો કરવો પડે છે.

વળી હવે સેક્ટર-૧૭ના એક્ઝીબિશન ગ્રાઉન્ડ પર ખાદ્ય ખોરાક પ્રદર્શન શરૂ થયુ છે. આ પ્રદર્શન ખુબ લોકપ્રિય હોવાથી તેની મુલાકાતે આવનારા મુલાકાતીઓની સંખ્યા સવિશેષ હોય છે. જેના કારણે પણ ટ્રાફિક ખૂબ રહે છે. આ પ્રદર્શન છેક રવિવાર સુધી ચાલવાનુ હોઈ હજુ થોડાક દિવસ ગાંધીનગરાઓને ભારે ટ્રાફિકનો સામનો કરવો પડશે.

### જામીન નામંજુર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોપી ડો. શશીકાંત ડાહ્યાલાલ પટેલની ધરપકડ કરવામા આવી હતી અને બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા અને ત્યારબાદ તેને ગાંધીનગર કોર્ટ દ્વારા જ્યુડીશીયલ કસ્ટડીમા મોકલી આપવામા આવેલ. એ.સી.બી.ના તપાસ કરનાર અધિકારી દ્વારા મુખ્ય સુત્રધાર વિરૂધ્ધ ગાંધીનગર કોર્ટમા ચાર્જશીટ રજુ કરતા મુખ્ય સુત્રધાર શશીકાંત ડાહ્યાલાલ પટેલ દ્વારા ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટમા જામીન અરજી રજુ કરવામાં આવી હતી આ જામીન અરજીનો સ્પેશીયલ પબ્લિક પ્રોસીક્યુટર (ખાસ સરકારી વકીલ) એડવોકેટ ધવલ. એ. મહેતા દ્વારા સખત વિરોધ કરવામા આવેલ અને સરકાર તરફે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે આરોપી આ કૌભાંડનો મુખ્ય સુત્રધાર છે અને આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને કાવતરૂ રચીને આરોપીને સત્તા ન હોવા છતા સરકારના અને પબ્લિકના કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરીને આર્થિક ગેરલાભ મેળવેલ છે. આરોપીએ ભ્રષ્ટાચારને લગતો ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે અને આ ઉપરાંત આ આરોપી વિરૂધ્ધ ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશનમા રૂ. પંદર હજારની લાંચ લેવાનો અને બનાસકાંઠા જીલ્લાના આગથળા પોલીસ સ્ટેશનમા ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવીને તેનો ખરા તરીકે ઉપયોગ કરવા અંગેનો ગુનો નોંધાયેલ છે જેથી આ આરોપી આવા ગુના કરવા ટેવાયેલો અને રીઢો ગુનેગાર હોઈ જામીન ઉપર મુક્ત કરવામા આવે તો સાક્ષી પુરાવાઓ સાથે ચેડા કરે અને ક્રિ. પ્રો. કોડની કલમ ૧૭૩(૮) મુજબ તપાસ ચાલુ હોઈ તપાસમા પણ અડચણ કરે તેમ છે. મુખ્ય આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવામા આવે તો સમાજમા દુષણ તથા ભ્રષ્ટાચારની રાજ્ય સેવક ઉપર કોઈ અસરકારક કાર્યવાહી થતી નથી તેવી છાપ ઉભી થાય તેમ છે તેમજ સમાજમા આવા ભ્રષ્ટ રાજ્ય સેવકો ઉપર દાખલો બેસાડવા માટે તથા લાંચના કલંકરૂપ દુષણ ને વેગ ન મળે અને ભ્રષ્ટાચારીઓને પ્રોત્સાહન ન મળે તે હેતુથી પણ આરોપીને જામીન ઉપર છોડવા જોઈએ નહી. જેથી નામ. સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના જુદા જુદા ચુકાદાઓ ટાંકીને કરોડો રૂપિયાના કૌભાંડી એવા મુખ્ય સુત્રધારના જામીન નામંજુર કરવા જોઈએ પબ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ ધવલ એ. મહેતા ની ધારદાર દલીલોને ધ્યાને લઈને ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ જજ જે . આર. શાહે આરોપીના જામીન નામંજુર કર્યા છે

### કાર્યરત થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મધ્યઝોનની કચેરી ચાલુ કરવામાં આવશે તેમજ દક્ષિણ ઝોનની કચેરી બીજા અને ચોથા માળે ચાલુ કરવામાં આવશે. આ મજલાઓનો કબ્જો હજુ પણ મનપા પાસે જ છે.

હવે આ બન્ને ઝોનની કચેરીઓને કાર્યરત કરવાની કામગીરી વેગીલી બનાવવામાં આવી છે અને ૧લી જાન્યુઆરીથી આ બન્ને કચેરીઓ જુની કચેરીમાં કાર્યરત થઈ જશે તેવા સંકેતો આપતા મનપાના સૂત્રોએ સ્વીકાર્યુ છે. આ કચેરીમાં રંગરોગાન તેમજ ફર્નિચર સહિતની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે.

૧લી જાન્યુઆરીથી આ ઝોનલ કચેરીઓ કાર્યરત કરી દેવામાં આવશે. સ્ટાફની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. ત્રણેય જોનમાં આસિ. કમિશનરોની પણ નિયુક્તી કરી દેવાઈ છે અને હવે મનપાની ઝોનલ કચેરીઓ નવા વર્ષથી ધમધમતી થઈ જશે.

### રીનોવેશન કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેની પાછળ રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત સે-૨૦ માં ગ, છ , ચ અને છ કક્ષાના અંદાજિત ૮૦ થી વધુ મકાનોનુ મજબુતીકરણ કરાશે આ કામગીરી અન્વયે અંદાજિત ૩.૩૯ કરોડનો ખર્ચ કરાશે જયારે સે-૨૧ માં ઘ , છ અને જ કક્ષાના ૭૧ મકાનોનુ રીનોવેશન કરવામાં આવશે આ કામગીરીને અનુલક્ષીને પણ ૩.૨૯ કરોડનો ખર્ચ થશે. જયારે સે-૨૯ માં ઘ ચ છ અને જ કક્ષાના ૧૨૬ કરોડનુ કામ હાથ ધરાશે. જયારે આ કામગીરી પાછળ રૂ ૪.૧૨ કરોડનો ખર્ચ કરાશે. શહેરના આ ચારેય સેકટરોમાં અંદાજિત રૂ ૧૫ કરોડના ખર્ચે વિવિધ કક્ષાના ૪૦૦ જેટલા મકાનોને નવા રૂપરંગ આપવા માટે આગામી દિવસોમાં કામ હાથ ધરાશે જયારે આ કાર્યયોજનાને અનુલક્ષીને આગામી દિવસોમાં ઓનલાઈન ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે આવાસ રીનોવેશનની આ યોજનાના અંતે સેકટરોમાં મકાનોની ઘટનો પ્રશ્ન થોડો હળવો થશે આવાસોના રીનોવેશન માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે નવા મકાનો બાંધવા માટે પણ આગળ ઝડપથી સાઈટ નક્કી થાય તેવી પણ લાગણી પ્રબળ બની છે.

### ઈમરજન્સી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અણધાર્યા રાજકીય સંકટનો સામનો કરી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં એટલો બધો હંગામો થયો છે કે જમીન પરનો તણાવ ઓછો થવાને બદલે વધ્યો છે. પેરુમાં આ વિવાદનું મૂળ પેડ્રો કૈસ્ટિલો છે, જે થોડા દિવસો પહેલા સુધી આ દેશના રાષ્ટ્રપતિ હતા. હકીકતમાં પેડ્રો કૈસ્ટિલોએ બુધવારે રાષ્ટ્રને નાટકીય સંબોધનમાં જાહેરાત કરી હતી કે તેઓ દેશમાં કટોકટી લાદવા જઈ રહ્યા છે. તેમણે જાહેરાત કરી હતી કે તેઓ વિરોધ પક્ષોનું વર્ચસ્વ ધરાવતી કોંગ્રેસનું વિસર્જન કરશે. તેમની આ જાહેરાતથી બધાને આશ્ચર્ય થયું. તેના વિરોધમાં અનેક મંત્રીઓએ પદ પરથી રાજીનામું પણ આપી દીધું હતું.

### ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વારંવાર આગની ઘટનાઓ કેમ બની રહી છે અને તેની પાછળનું કારણ શું છે? હાલ આગ ઓલવવાનું અને લોકોને સુરક્ષિત બહાર કાઢવાની કામગીરી ચાલી રહી છે. બિલ્ડિંગનું ફાયર ઓડિટ થયું કે નહીં તે તો વધુ તપાસ બાદ જ ખબર પડશે. મુંબઈમાં મોટાભાગની હાઉસિંગ સોસાયટીઓ ફાયર સેફટી અંગેના નિયમોનો ભંગ કરતી હોવાનું વારંવારના અહેવાલો અને સર્વેમાં સામે આવ્યું છે.

### ટહૂકાર

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ગાયેલ સદાબહાર ગીત ‘તારી આંખનો અફીણી... તારા બોલનો બંધાણી.... તારા રુપની પૂનમનો પાગલ એકલો....’ પણ હર્ષે કાબિલેદાદ રજૂ કર્યું હતું. ત્યારબાદ ગૌરાંગભાઈ વ્યાસનું ‘વન ઓફ ધી બેસ્ટ’ કોમ્પોઝિશન કહેવાય એવું, જીવનની ફિલસુફી અને વાસ્તવિકતા દર્શાવતું, રમતિયાળ પણ મર્મભર્યું ગીત ‘હુતુતુતુ..... હુતુતુતુ... જામી રમતની ઋતુ....’ ગાર્ગીના સાથમાં ભાઈ પ્રહરે પ્રસ્તુત કરી, કાર્યક્રમને અલગ ઊંચાઈ પર લાવી સમાપન કર્યું ત્યારે ન તો કલાકારો થાક્યા હતા, ના શ્રોતાઓનો ઉત્સાહ ઘટ્યો હતો પણ ઘડિયાળ કહેતી હતી ‘અબ રુક જાવ....’ ને ભાઈ ‘સમય બડા બલવાન હૈ, ખરું ને !’

કુશળ તબલા પ્લેયર ભાઈ મનિષી રાવલ અને કીબોર્ડ પ્લેયર તુષારભાઈ વચ્ચેની જુગલબંધીની રંગત, ગાયકોની શ્રેષ્ઠત્તમ રજૂઆતો સાથે માર્ગીબેન હાથીનું સમૃદ્ધ - ઊંડાણભર્યું ને રસપ્રદ એન્કરીંગને હર વખતની જેમજ ‘સોનામાં સુગંધ’ સમું ‘શ્રવણિય’ ને ‘વંદનીય’ રહ્યું. કાવ્યો, મુક્તકો, શેર-શાયરી, દ્દષ્ટાંતો,માહિતી, સંસ્કૃત- અંગ્રેજી કવોટ્સનાં ભંડાર સમા માર્ગીબેનને સાંભળવા એ ય એક લહાવો છે. જો કે એ માટે સંસ્થાએ એમનો ‘સોલો’ કાર્યક્રમ જ ગોઠવવો પડે !!!

‘શિવરંજની’ નો ‘કલ આજ ઓર કલ’ કાર્યક્રમ એટલે ગુજરાતી ગીત સંગીતના ભવ્ય, સમૃદ્ધ વારસાને ધરોહર સમા વરિષ્ઠ કલાકારોને સન્માનવાનો , આજના નીવડેલા કલાકારોની મનભરીન માણવાનો અને પાંગરતી પ્રતિભાઓને પ્રમાણવાનો, બિરદાવી પ્રોત્સાહિત કરવાનો ‘અવસર’ હતો.... આવા નોખા-અનોખા કાર્યક્રમના આયોજન બદલ વાગ્મિનભાઈ બૂચ અને ‘ટીમ શિવરંજની’ ને અભિનંદન છે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ફિલસૂફી સમજાય.આપણી શોધ પરમાત્માની વિરાટ પ્રતિભાને પામવાની હોવી જોઈએ. આપણે કેવળ ઉપરછલ્લી અનુભૂતિઓમાં કેદ થઈ જઈએ તો નાના નાના સ્વાર્થ અને નાનાં નાનાં હિતોમા સંતોષ માની જીવતા રહીએ છીએ.કોઈ મોટા લક્ષ્યને પ્રાપ્ત કરવું હોય તો ઈશ્વરનું નામ લઇ એને સારથી સ્વરૂપે કલ્પી એ દિશામાં આગળ વધવું જોઈએ.એ રીતે જ સાચી દિશા પામી શકતા હોઈએ છીએ.

માણસની શોધ એ આમ જોઈએ તો ભૌતિક પ્રકારની જ હોય છે.ગાડી,બંગલો, વાડી,વજીફો.એટલામાં ઈતીશ્રી માની લેતા હોઈએ છીએ. શોધ કોઈક અલૌકિક તત્વ તરફની હોય એ જ સાચી શોધ.એને તમે કોઈપણ નામ આપી શકો.એ રામ હોય કે શ્યામ.આપણી હયાતીના એ કોઈ હસ્તાક્ષર હોય એવી અનુભૂતિ થયા કરે છે.માણસ જ્યારે આ શોધ આદરે છે ત્યારે એમાં એક તન્મયતા જરૂરી બને છે. એક આરઝૂ કે તડપ એમાં ભળી જાય તો બેડો? પાર..નરસિંહ મહેતા જ્યારે કૃષ્ણને પામવા માટે તલ્લીન બની જાય છે ત્યારે એક અદભુત સાયુજ્ય રચાય છે. રાસલીલા રમતા સ્વયમ્ શ્યામને જોઈ એટલા મોહિત થઈ જાય છે કે પોતાની હયાતીનું પણ એમને ભાન રહેતું નથી. આવી જ ઉત્કટતા મીરાં અનુભવે છે.એ કહે છે કે "મેરે તો ગિરધર ગોપાલ..દુસરો ના કોઈ"એટલે કે ઈશ્વરની પ્રાપ્તિમાં જે સુખની ચરમસીમા અનુભવાય છે એ પછી અન્યત્ર શોધવી નકામું બની જાય. કવિ આ અનુભૂતિ બહુ સરસ રીતે આપણી સમક્ષ મૂકે છે.કણકણમાં જે ભગવાન સમાયેલા છે,એમાંથી જ આપણે ઘનશ્યામ શોધવાના છે.દરેક ચીજ,પદાર્થ, કે માણસમાં ઈશ્વરનો અંશ રહેલો છે.એટલે કે સ્વયમ્ શ્યામ એમાં સમાયેલો છે.એ શ્યામની અનુભૂતિ કરી ને જ આપણે ઘનશ્યામને પામવાના છે.સાદી ભાષામાં કહેવું હોય તો એવું કહેવાય કે આત્મા થકી પરમાત્માને પામવાના છે.

શ્યામ થકી ઘનશ્યામની શોધ એક કાવ્યાત્મક આલેખ રચી જાય છે..!